બરછી કાર્યાલય, C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કુલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો.૯૪૨૮૭ ૦૦૧૦૫
Email : barchhi@rediffmail.com
Web : www.barchhi.com

કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

માર્ચ-૨૦
અંક : ૮
વર્ષ : ઓગષ્ટથી જૂલાઇ
વર્ષ : ૫૬

• તંત્રી • વિરેન શાં. ધોળકિયા | • લવાજમ • વાર્ષિક રૂા. ૨૦૦/-

## ફોરમ પુષ્પની...



આયામ કરવો પડતો નથી જાળવવા પુષ્પત્વ પુષ્પને

ધારણ કરે છે પરિમલ પુષ્પની સ્વયમ્

પ્રસરાવે છે મહેક, સ્વયં રાખી કંટક

પ્રફુલ્લિત કરે છે માનવ મનને સુગંધથી

બનાવે છે મનને કુસુમ, સુગંધથી

ઉજાળે છે દિવસ કુસુમ અર્પી ફોરમ દિલને

માણીલે માનવ, આ ફોરમ કુસુમની

જીવનભરનું ભાથું સમજી, થાય વિશ્લેષ તે પહેલાં.

– પિનાકી સૂર્યશંકર શુક્લ, રાજકોટ.

## તંત્રી સ્થાનેથી....✍

બરછી પરિવાર આપ સૌની કુશળતા ઈચ્છે છે....

(૧) માર્ચ માસનો અંક પૂર્ણ થવામાં હતો ત્યાં કોરોના-લોકડાઉન લાગુ પડતાં અંક પ્રકાશિત થઈ ન શક્યો....વડીલો કદાચ વાંચનથી વિમુખ રહેશે પરંતુ હાલમાં ટપાલ સેવા શરૂ થઈ ન હોવાથી આ અંક ઓનલાઈન મૂકવા મજબૂર બન્યા છીએ. ક્ષમા પ્રાર્થી.

(૨) બરછીએ સમાચારોને વિશેષ અને પ્રથમ પ્રાધાન્ય આપ્યું હોવાથી મુખ્યત્વે વડીલોને બરછીની આદત પડી ગઈ છે અને પ્રતિક્ષામાં હોય છે...આ સમાચારોની મજા અને પ્રતિક્ષા જાળવી રાખવા કેટલાક સમાચારો બાકી પણ રાખેલ છે. જેને હવે પછીના અંકમાં સ્થાન આપીશું.

(૫) સાંપ્રત સમયમાં સંસ્થાકીય પ્રવૃત્તિઓ વ્યકિતગત ગતિવિધિઓ થંભી જવાને કારણે સમાચારો નું પ્રમાણ નહીવત રહેવાનું જ, તેથી બરછીમાં ઈતર વાંચન સામગ્રીને વધારે સ્થાન આપી શકાશે તો લેખનમાં રસ ધરાવતા સૌ કોઈને કવિતા, લઘુકથા, ઉપયોગી માહિતીપ્રદ લેખે ઈમેઈલ દ્વારા મોકલી આપવા ઈજન છે.

(૩) દરેક ક્ષેત્રે આવનાર પરિવર્તનોમાં કલમ કડછી બરછી (અન્ય માસિક પત્રો, સામયિકો)પણ બાકાત રહી શકશે નહીં...જ્ઞાતિના વિચારશીલ અને કુશાગ્ર બુદ્ધિસંપન્ન તજજ્ઞો, પત્રકારિત્વ ક્ષેત્ર સંકળાયેલા બંધુઓ બદલાતા સંજોગોમાં જ્ઞાતિપત્રોએ કેવી રીતે કેવા ફેરફાર અપનાવવા, સમાચાર, માહિતીનું સ્વરૂપ વગેરે બાબતો અંગેના પોતાના વિચારો, સૂચનો,મંતવ્ય ઈમેઈલથી મોકલશે તો બરછીમાં સ્થાન આપીશું. સૌને માટે અતિ મૂલ્યવાન નીવડશે.

જનજીવન ઝડપથી સામાન્ય બને અને ઘરની બહાર રહીને પણ સ્વસ્થ રહો તેવી શુભકામના અને વિશ્વ કલ્યાણની પ્રાર્થના સહ...વિરેન શાં. ધોળકિયા-તંત્રી.

## કોરોના-લોકડાઉન સમયગાળા દરમ્યાનની સકારાત્મક બાબતોની નોંધ લઈએ...

સાઈઠ દિવસથી વધુ સમયના લોકડાઉનના સમયગાળા દરમ્યાન ભલે જાણે કે થંભી ગયું ભાસે...ઘણાએ આર્થિક તકલીફ, તબીબી સારવાર મેળવવામાં મુશ્કેલી, આપ્તજનના નિધન બાદ માનસિક પીડા ભોગવી હશે...તેમ અગાઉની ને આજની જીવનરીતિમાં આમૂલ ફેરફાર થઈ જતાં મતભેદ-મનભેદ પણ થયા હશે પરંતુ જીવન એક જંગ છે અને પરિવર્તન જીવનનો ક્રમ છે તે સ્વીકારી, આ દરમ્યાન ઘણી સકારાત્મક ઘટનાઓ પણ ઘટી તેની જ નોંધ લઈએ તો...સાંપ્રત સમયની જીવનની ભાગદોડમાં પરિવાર સાથે રહેવાનું થયું, બાળકો સાથે રમતગમત, વડીલો સાથે જૂની અવનવી અનુભવ રીત રિવાજોની વાતો સાથે ભૂતકાળના ફોટાઓ વાતો શેર પણ થયા. યુવા દંપતીઓને લાંબા સમયનો સહવાસ મળ્યો અને પુરૂષો ઘરકામમાં સહભાગી થયા સાથે મળીને વિવિધ વાનગીઓમાં હાથ અજમાવ્યા, તો બહેનોને માનસિક શારિરીક થોડા વિરામ સાથે પોતાના

વાંચન ગીતોનું શ્રવણ જેવા શોખ પૂરા કરવાનો અવસર મળ્યો હશે. સંસ્થાઓ દ્વારા ડીજીટલ યુગમાં 'ઝૂમ' 'યુ ટયૂબ' જેવા પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરી ભુજ નાગર મંડળ, કચ્છી નાગર મંડળ અમદાવાદ દ્વારા હાઉસી, જૂનાગઢના ભ્રાતૃ મંડળ, નાગર વિદ્યોતેજક મંડળ દ્વારા નિબંધ સ્પર્ધાના આયોજન થયાં. તો ઓનલાઈન ચેસ, કરાઓકે ગીત,ડાન્સ સ્પર્ધાના આયોજન પણ થયાં. કેટલાય જ્ઞાતિના વિદ્વાન બંધુઓએ વિવિધ વિષયો ઉપર મનનીય વકતવ્યો આપ્યાં. તો નાગર મંડળ અમદાવાદએ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોની માહિતી મેળવી સહાયભૂત થવાનું પણ સરાહનીય કાર્ય કર્યું.

જે સંસ્થાઓ તરફથી મળેલી છે તે વિસ્તૃત નોંધ હવે પછીના અંકમાં પ્રકાશિત થશે. જેઓ બાકી હોય અને પ્રકાશિત કરવા ઈચ્છુકો હોય તેઓને ઇમેઇલથી મોકલી આપવા વિ. છે. –તંત્રી

## શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ, ભાવનગર – શતાબ્દિ વર્ષ શુભારંભ



શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ સંસ્થાનો તા. ૭/૩/૨૦ના રોજ શતાબ્દી વર્ષમાં પ્રવેશ થયો. જે ખરે જ ખુશી સાથે પૂર્વજ વડીલોની સેવાની ભેખની નોંધ લઈ વંદન કરવાનો અવસર કહી શકાય. જેના પ્રથમ કાર્યક્રમ રૂપે તા. ૭ માર્ચના રોજ શિવશક્તિ હોલ ખાતે સાંજે ૫ઃ૩૦ વાગ્યે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન થઈ ગયું. જેનું અતિથિ વિશેષપદ શ્રી કૌટિલ્યભાઇ પ્રિયવદનભાઇ વ્હોરા(નિવૃત્ત અધિક્ષક ઇજનેરશ્રી ગુજરાત મેરીટાઇમ બોર્ડ) તથા શ્રી ધીરેન્દ્રભાઇ અજીતરાય વૈશ્નવ(એક્ઝીકયુટીવ ડીરેકટર સ્ત્રી કેળવણી મંડળ ભાવનગર)એ શોભાવ્યું હતું. દીપ પ્રાગટયથી કાર્યક્રમના પ્રારંભ બાદ મહિલા પાંખનાં માનુષી દેસાઈએ પ્રાર્થના અને વિધી નાણાવટીએ સુંદર નૃત્ય અને બહેનોએ ગરબો રજૂ કર્યો હતો.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી જ્વલંતભાઇ દેસાઈએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ આ શતાબ્દી વર્ષ નિમિત્તે 'વડીલ વંદના' હેઠળ ૯૦ વર્ષના વડીલનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી કૌટિલ્યભાઇ વ્હોરાએ 'જીવન ઘડતર અને ભણતરમાં જ્ઞાતિ સંસ્થાઓનો ફાળો' તથા શ્રી ધીરેન્દ્રભાઇ વૈશ્નવે 'યુવા પેઢીના સંદર્ભમાં જ્ઞાતિ સંસ્થાઓની આવતીકાલ' વિષય ઉપર વિસ્તૃત છણાવટ સાથે માર્ગદર્શક વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી દધીચિભાઇ મહેતાએ શ્રી કૌટિલ્યભાઇને તથા મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઇ મહેતાએ શ્રી ધીરેન્દ્રભાઇને સ્મૃતિ ચિન્હ–મોમેન્ટો–ભેટ આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નિરવ મહેતાએ તથા આભારવિધિ ટ્રસ્ટીશ્રી આશુતોષભાઇ ઓઝાએ કરી હતી. અંતમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો મગનીદાળનો શીરો,પુરી,સેન્ડવીચ ઢોકળા સમેત ના લિજ્જતદાર ભોજનનો રસાસ્વાદ લઈ છૂટા પડયા હતાં. પ્રમુખ શ્રી દધીચિભાઇ, મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઇ તથા ખજાનચી શ્રી પ્રશાંતવદનભાઇ મહેતાની જહેમતથી શતાબ્દિ વર્ષનો પ્રથમ કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

## સિનિયર અન્ડર ઓફીસર તરીકે નિયુક્ત થતા મૈત્રેય રાણા

રાજકોટ સ્થિત શ્રી હિમાંશુભાઇ અને હેમાક્ષીબેન રાણાના પુત્ર મૈત્રેય રાણાએ ઈન્ડીયન આર્મી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં લેવાયેલ શોર્ટ સર્વિસ કમિશન ઓફીસર્સ ટેક. એન્ટ્રીની પરીક્ષામાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંક મેળવી ચેન્નાઈ ખાતે ઓફીસર્સ ટ્રેનિંગ એકેડેમી ખાતે એક વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી.આ કઠોર તાલીમ બાદ અનેક કસોટીઓમાંથી પસાર થઈ એકેડેમિક કેરિઅરમાં પ્રથમ દશમાં સ્થાન મેળવતાં ચિ. મૈત્રેય 'સિનિયર અન્ડર ઓફીસર' તરીકે નિયુક્ત થયા તેમજ 'બેસ્ટ વર્ડ કમાન્ડ'ની ટ્રોફી તેમજ શીલ્ડ મેળવી કમાન્ડરશ્રીના વરદ હસ્તે 'સ્વોર્ડ ઓફ ઓનર' સાથે સલામી આપી યશસ્વી ગાથા કંડારી છે. પાસ આઉટ પરેડમાં પરિવારજનોની ઉપસ્થિતિમાં તેઓ પોતાની કંપનીમાં અગ્રેસર રહી 'સ્વોર્ડ ઓફ ઓનર' સાથે સલામી આપી હતી. આમ તેઓ ઈન્ડીયન આર્મીમાં લેફટેનન્ટના હોદ્દા સાથે પોતાની કારકિર્દીનો ગર્વભેર પ્રારંભ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મૈત્રેયના મોટાભાઇ પ્રણિત પણ ઈન્ડીયન નેવીમાં લેફટેનન્ટ કમાન્ડર ના હોદ્દા સાથે પુરુલિયા સૈનિક સ્કૂલ(પશ્ચિમ બંગાળ)ના વાઇસ પ્રિન્સીપાલ તરીકે સેવા આપી રહયા છે. આમ બંને શુરવીર પુત્રોએ કુટુંબ સાથે સમગ્ર જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું છે.

સાત્વિક આચાર વિચાર,નિષ્ઠા, સેવાભાવનાને વરેલા રાણા-રીંડાણી પરિવારના સપૂત ચિ. મૈત્રેય દેશના સંરક્ષણ ક્ષેત્રે પદાર્પણ કરી રહયા છે ત્યારે અભિનંદન સહ ઉજજવળ કારકિર્દીની શુભકામના સાથે તેમના માતા પિતાને પણ અભિવંદન પાઠવીએ.

ચિ. મૈત્રેય સ્વ. જમીયતરાયભાઇ તથા સ્વ. હેમલતાબેન રાણાના પૌત્ર અને સ્વ. નિરંજનભાઇ રીંડાણી અને સ્વ. સુરેખાબેનના દોહિત્ર થાય.

## પ્રા. શ્રીમતી વરદા માંકડ પી.એચડી.ની પદવી મેળવી



રાજકોટનાં પ્રા. શ્રીમતી વરદા અંકિત માંકડએ તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'મેથેમેટીક્સ'ના ”A Study On Graphs and its Allied Formations” વિષય ઉપરનું પોતાનું સંશોધનપત્ર રજૂ કરી પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ગર્વની બાબત છે કે ગણિતના વિષયમાં પી.એચડી.નો અભ્યાસ કરતા જૂજ વિદ્યાર્થીઓ પૈકીના વરદા માંકડ એક છે.અભિનંદન.

શ્રીમતી વરદા, જામનગરના હાલ રાજકોટ સ્થિત સૌ. ગીતાબેન અને શ્રી કમલેશભાઇ માંકડ નાં પુત્રવધૂ તથા સૌ. યોગેશ્વરીબેન અને રાજુલભાઇ દવેનાં પુત્રી થાય છે.

## નાગર મિત્ર મંડળ બોપલ દ્વારા વાર્ષિકોત્સવ યોજાયો

છેલ્લા દસ વર્ષથી વધારે વર્ષથી કાર્યરત નાગર મિત્ર મંડળ બોપલ(અમદાવાદ)ના ઉપક્રમે ફેબ્રુઆરીમાં વાર્ષિકોત્સવનું આયોજન થઈ ગયું...પ્રારંભમાં પ્રમુખ શ્રી અમિષભાઇ વસાવડાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું તો મંત્રી શ્રી સર્વદમનભાઇ વોરાએ અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે પાટોત્સવ, ગરબાની સાથે અન્ય કાર્યક્રમો થાય તે માટે નવી ટીમ જોડાય તે જરૂરી છે. અને ડોનેશન પણ આવકાર્ય છે. બહેનો દ્વારા ગણેશ વંદના સ્તુતિથી કાર્યક્રમનો પ્રારંભ કરી, ફિલ્મી ગીતો, સુગમ રચના,ભજન, વાચિકમ પ્રયોગ, માઉથ ઓર્ગન તથા હાર્મોનિયમના વિકલ્પે કેશિયો પર શાસ્ત્રીય રાગો પ્રસ્તુત કર્યા હતા. આમ અબાલવૃદ્ધોએ સાથે મળી ભાગ લઈ કાર્યક્રમને વિવિધરંગી બનાવ્યો હતો.

શ્રી દિનેશભાઇ માંકડે કાર્યક્રમનું લાક્ષણિક શૈલીમાં સંચાલન કરતાં, મંડળની સ્થાપના અને માર્ગદર્શન માટે મુરબ્બી રવીન્દ્રભાઇ મંકોડી અને મુ. મનુભાઇ વોરાની તેમજ સંગીત સૂરોને સ્વરબદ્ધ કરવામાં સતત સેવા આપનાર શ્રીમતી આભાબેન દેસાઈની સેવાઓની વિશેષ નોંધ લીધી હતી. મિત્ર મંડળમાં નવા સભ્યોને તેમના પરિચય સાથે આવકારવામાં આવ્યા હતો. દાતાઓ તરફથી ઉદાર હાથે અનુદાન જાહેર કરવામાં આવ્યા. સુનિલભાઇ અંજારિયાએ કલાકારો, જ્ઞાતિજનો અને દાતાઓનો કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો. સૌની સાથે શ્રી બિમલભાઇ ઝાલા તથા દિશાન્ત ભાઇ નાણાવટીનો સાથ સાંપડયો હતો. અંતમાં 'પેટ પૂર'નાસ્તો કરી પાટોત્સવમાં ફરી મળવાના ઉલ્લાસમાં સૌ વિખરાયા હતાં.

---

## શ્રદ્ધા સુમન

।। शिवास्ते तव पन्थानः सन्तु ।।

(તમારો માર્ગ કલ્યાણકારી થાઓ

### ડો. પ્રદ્યોત પ્રદ્યુમ્નરાય વૈષ્ણવ

M.S.Mch. ન્યુરો સર્જન

જન્મ : ૫-૧૨-૧૯૬૯ દેહવિલય : ૨૮-૨-૨૦૧૦

જેમણે આજીવન બધાંની જ લાગણીઓને માન આપ્યું તથા જીવન સંઘર્ષમાં આત્મ વિશ્વાસથી સામનો કર્યો અને સેવા કાર્યથી બધાને સતત મદદરૂપ થયા અને સ્નેહનું સિંચન કર્યું અને અચાનક જીવનને મધ્યાનમાંજ સંકેલી લીધું. આજે તમારી દશમી પૂણ્યતિથિએ અમે સૌ માનપૂર્વક પ્રેમપૂર્વક યાદ કરી અમારી હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.

પ્રતીક્ષા પ્રદ્યોત વૈષ્ણવ<br>
ચિ. હેમાંશી, ચિ. અનુજ<br>
મેઘના મયંક શાહ-ડો. મયંક શાહ<br>
યશષ, નિર્મય

દિનેશ હાથી-સ્વ. દક્ષા (નલિની) હાથી<br>
સ્વ. કેતન હાથી<br>
આરતી કેતન હાથી<br>
દેવાંશી, નિસર્ગ નૂપુર

મુ. પ્રદ્યુમ્નરાય એમ. વૈષ્ણવ - સૌ. યુતિબેન પી. વૈષ્ણવ

સમસ્ત હાથી પરિવાર તથા વૈષ્ણવ પરિવાર

## લગ્ન વિષયક જાહેરાત :

(૧) એમ.બી.એ., જ. ૩/૧૯૯૪, ઉં. ૫'.૭" પીડીલાઇટ કંપનીમાં ટેરેટોરી સેલ્સ ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૮૭૯૪૮૫૨૫૭

(૨) બી.ઇ.(મીકે.) જ. ૭/૧૯૯૨, ઉં. ૫'.૬",પ્રોફેશનલ બેડમિંગ્ટન પ્લેયર-ટ્રેઇનર તેમજ આઇટી. કન્સ. કંપનીમાં ફ્રીલાન્સ માર્કેટીંગ એકઝીકયુટીવ (સાદો મંગળ છે)યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૯૪૨૯૫૨૦૪૩૫

(૩) એમ.કોમ.,એમબીએ., જ. ૬/૧૯૯૨, ઉં. ૫'.૧૧" રીલાયન્સ (GAS)બ્રાન્ડ સ્ટોરમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૪૪૯૬૩૭

(૪) એમ.એસ.સી.(મેથ્સ) જ. ૮/૧૯૯૧, ઉં. ૫'.૯" બાયોટેક કંપનીમાં નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૯૪૨૫૩૨૭૩૦૧

(૫) એસ.વાય.બી.કોમ., જ. ૧૯૮૭, ઉં. ૫'.૭" ઉંચાઈના સ્વરોજગાર કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૧૧૬૩૮૦

(૬) એમ.એ.(પાર્ટ-૧) જ. ૧૦/૧૯૮૪, ૧૩ વર્ષથી ફાર્મા કંપનીમાં એમ.આર. તરીકે નોકરી કરતા છૂટાછેડા થયેલ માંગલિક યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૭૫૬૭૨૬૧૯૩૨

(૭) એમ.ટેક., જ. ૩/૧૯૯૨, બેંગ્લોર ખાતે એરોસ્પેસ કંપનીમાં ઇલેટ્રોનિક્સ એન્જી. તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૭૪૧૬૬૦૦

## સુવાક્યો :

(૧) એકાંતમાં જાત સાથે ભેટો થાય છે. -થોરો

(૨) બદલો લેવાની વૃત્તિ પશુઓમાં હોય છે. - સ્વામી આનંદ

(૩) ભય અને આળસ સાધનાના મોટાં શત્રુ છે. -સ્વામી રામ

(૪) જે પરમ લઘુ છે તે ગુરૂ થવાને લાયક છે. -શ્રીમદ રાજચંદ્ર

(૫) તૈયારી અને તકનો મેળ એટલે જ નસીબ. -નિત્શે

(૬) અંગતની જો સંગત ન હોય, તો જીવનમાં રંગત ક્યાંથી હોય?

(૭) આજની સવાર એટલે બાકી રહેલી જિંદગીનો પહેલો દિવસ

(૮) સંભારવા જેવી વાતોને 'સેવ' કરી રાખવી, ભૂલી જવા જેવી વાતોને ડિલીટ કરી નાખવાની.

(૯) ચંદન કરતાં વધારે શીતળ હોય છે.

(૧૦) દુનિયામાં સહુથી મોટો ખાડો એટલે દેખાડો.

(૧૧) સમય દેખાતો નથી પણ ઘણું બધું દેખાડી જાય છે.

(૧૨) જિંદગી ચાન્સ આપે છે, ચોઈસ નહીં.

– રવીન્દ્ર કે. હાથી, રાજકોટ.

## રાધાનું સમર્પણ

– પ્રવીણભાઇ મ. વૈષ્ણવ, વડોદરા. મો. ૯૪૨૭૮૦૦૯૬૧

શ્રી કૃષ્ણ છેલ્લે દ્વારિકામાં સ્થિર થયા. આ નિવૃત્તી દરમ્યાન તેમને એક દિવસ માથાંનો સખત દુખાવો શરૂ થયો. સેવકો અને પટરાણીઓએ ઘણા ઉપાયો કર્યા, પણ દર્દ ચાલુ રહયું. તેથી તેમના નીકટના સાથી ઉધ્ધવે જ પૂછયું કે 'પ્રભુ હવે તમે જ આનો ઈલાજ બતાવો.' તેથી શ્રી કૃષ્ણએ કહયું, ઈલાજ અઘરો છે, છતાં તમે કોશીશ કરો.' તેમણે કહયું 'વૃંદાવનની કોઈ ગોપી જેઓ બધી મને સ્મરે છે, તેમાંથી કોઈ પોતાનાં ચરણની રજ આપે, તેને હું મસ્તક ઉપર લગાવું તો દુખાવો કાયમનો મટે.' તેથી ઉધ્ધવ વૃંદાવન ગયા. ગોપીઓને મળ્યા અને આ ઈલાજ કહયો. તેમણે કહયું 'શ્રી કૃષ્ણ અમારા વગર પીડાય છે, અમે તેને પ્રેમ આપીએ છીએ પરંતુ ચરણની ધૂળ? તેઓ સાક્ષાત ભગવાન છે અમે જાણીએ છીએ કે પ્રભુને અમે ચરણની ધૂળ આપીએ તો એવું પાપ થાય કે અમારે એક હજાર વરસ નરકમાં રહવું પડે. અમે અમે કેવી રીતે ધૂળ આપીએ?' ગોપીઓ બાદ છેલ્લે ઉધ્ધવ રાધાજીના નિવાસે ગયા. તેમને બધી વાત કહી અને હવે શું કરવું તે પૂછયું, એક મિનિટ વિચાર કર્યા વગર રાધાએ કહયું, "અરે, કૃષ્ણને આરામ થાય તો તે માટે હું બધું જ કરૂં...આ લ્યો મારી ચરણરજ. મારા પભુ ખાતર મારે એક હજાર વર્ષ નરકમાં જ રહેવું પડે તો પણ શું?"ઉધ્ધવ તો રાધાના આ સમર્પણને વંદન કરી દ્વારિકા આવ્યા. અને ભગવાન શ્રી કૃષ્ણનો માથાનો દુખાવો મટી ગયો. આ વાતની જાણ વૃંદાવનમાં ગોપીઓને થઈ અને તેઓ સમજી ગઈ કે કૃષ્ણ શા માટે રાસલીલામાં રાધાને હંમેશ શામેલ કરે છે અને અમને નહિં ? તેમને થયું કે રાધા અંગે તેમણે શ્રી કૃષ્ણને ઘણી ઘણી ફરીયાદ કરી હતી, પણ કૃષ્ણએ તેનો જવાબ આપ્યો ન હતો. આજે તેમને જવાબ મળી ગયો. રાધાની ભક્તિ અને સમર્પણ અનન્ય અદ્વિતીય છે, તેની તેમને ખાત્રી થઈ. શ્રી કૃષ્ણ અંતર્યામી છે તેઓ તે જાણતા હતા.



## પોલેન્ડમાં અભ્યાસ માટે દર્શન મંકોડીની પસંદગી

વડોદરા ખાતેની પારૂલ યુનિવર્સિટીમાં બી.ટેક.(આઇટી)માં અભ્યાસ કરતા દર્શન મંકોડી (અમદાવાદના શ્રી વિશ્ચેશ તથા શ્રીમતી તૃપ્તિ મંકોડીના પુત્ર) પ્રથમ પાંચ સેમેસ્ટરમાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થતાં એક્સચેંજ પ્રોગ્રામ અંતર્ગત પોલેન્ડ (યુરોપ) ખાતેની Wroclaw University માં સાતમા સેમેસ્ટરના અભ્યાસ માટે પસંદગી પામ્યા છે. જ્યાં માર્ચથી જૂલાઈ અભ્યાસ કરી પરત ફરશે. ત્યાં સ્વખર્ચે જવા રહેવાનું હોય છે જ્યારે ટયૂશન ફી પારૂલ યુનિવર્સિટી ભોગવશે. અભિનંદન.

ચિ. દર્શન,મધુસુદનભાઇ કૃષ્ણલાલ મંકોડીના પૌત્ર અને સ્વ. પ્રફુલભાઇ મગનલાલ પટ્ટણીના દોહિત્ર થાય.

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

કોરોના મહામારી-લોકડાઉન દરમ્યાન ઘણા જ્ઞાતિજનો, પ્રતિભા સંપન્ન વ્યક્તિઓ જ્ઞાતિએ ગુમાવ્યા. જેમના માટે અનહદ લાગણી-પ્રેમ હોય તેવા સ્વજન, મિત્ર, શુભચિંતક જ્ઞાતિબંધુ તેમજ પોતાનું જીવન નિ:સ્વાર્થ ભાવ સાથે દેશ સેવા, જ્ઞાતિ સેવામાં સમર્પિત કર્યુ હોય તેવા આદરપાત્ર વ્યક્તિવિશેષોના અંતિમ દર્શન ન કરી શક્યાનો રંજ આપણને સૌને રહેવાનો જ. તેના કરતાં પણ કુટુંબના સભ્યની નીકટતમ વ્યક્તિના નિધન બાદ નજીકના સ્વજનો પણ જઈ ન શકે તેવી પરિસ્થિતિ કુદરતે નિર્માણ કરી તેની મનોદશા તો અકલ્પ્ય જ હોય ને? જેનો અફસોસ આજીવન રહેવાનો...ખેર ! ઈશ્વરની લીલા અને સર્વોપરિતા સ્વીકારવી રહી.

જ્ઞાતિ વતી બરછી પરિવાર આત્મીયજન ગુમાવનાર પરિવારોને સંવેદના સાથે દિલસોજી પાઠવે છે અને દરેક સદ્ગતના આત્માની શાંતિ પ્રાર્થે છે. ૐ શાંતિઃ

સાંપ્રત કઠીન સમયમાં પણ અંત્યેષ્ઠિની દરેક વ્યવસ્થા સંભાળી લઈ કપરી છતાં નિ:સ્વાર્થ સેવા આપી રહેલા આવા ગામેગામના સેવાભાવી જ્ઞાતિબંધુઓને ધન્યવાદ આપી વંદન કરવાં ઘટે જ.

આપણે પૂર્વવત સારી સ્થિતિ ઈચ્છીએ-પ્રાર્થીએ છતાં વર્તમાન સંજોગોમાં રૂબરૂ મળવાનું શકય બને તેમ નથી તેને ધ્યાનમાં લઈ જ્ઞાતિજનો જે તે બંધુઓના દુઃખમાં સહભાગી થઈ, સાંત્વના પાઠવી શકે તે ઉદ્દેશથી અવસાન નોંધમાં દિવંગતોના પરિવારજનનો ફોન/મો. નંબર પ્રકાશિત કરવાનું નકકી કરેલ છે. નામ ઉંમર અને પ્રકાશિત કરવાનો મો. નં ૮૮૪૯૦૧૬૮૪૪ ઉપર વ્હોટસએપથી અમને મોકલી આપવા વિનંતી છે. અવસાન નોંધ ૨૭/૫ સુધીની છે જે જાણ માટે.

આ અંકમાં પ્રકાશિત થયેલ યાદીમાંના કોઈપણ પરિવારજન મો.નં. પ્રકાશિત કરવા ઈચ્છુક હોય તો તેઓ પણ અમને મોકલી શકે છે. હમણા ઓનલાઈન જ અંક મૂકવામાં આવનાર હોવાથી ફરીથી લઈ શકાશે. - વિરેન શાં. ધોળકિયા-તંત્રી.

મુંબઈના માનવતાવાદી તબીબ ડો. સોમેશભાઇ નરસિંહપ્રસાદ વૈશ્નવનું બેંગલોર ખાતે દેહાવસાન થયું. તેઓ મુંબઈના સાંતાક્રુઝ ખાતે સ્વતંત્ર પ્રેકટીશનર હતા. કર્મને જ ધર્મ સમજી મામુલી ફી સાથે સારવાર નિદાન કરતા ડો. વૈશ્નવ દર્દીઓ માટે મસિહા સમાન હતા. તેઓ સાંતાક્રુઝ મેડીકલ એસો.ના પ્રમુખ પદે પણ રહયા હતા. આરોગ્ય વિષયક અનેક સેમિનારમાં હાજરી આપી તબીબો અને જનસમુદાયને પોતાના દીર્ઘકાલિન અનુભવ અને જ્ઞાનનો લાભ આપ્યો હતો.

જયેશ કૌશિકરાય બુચ (અમદાવાદના સ્વ. કનકભાઇ ધોળકિયાના જમાઇ)નું તા. ૧૫ એપ્રિલના રોજ રાજકોટ ખાતે દેહાવસાન થયું. તેઓ રાજકોટ સહકારી ડેરીમાં ૩૮ વર્ષ પ્રામાણિક અને સંનિષ્ઠ ફરજ બજાવી મેનેજર પદેથી માનભેર નિવૃત્ત થયા હતા. જયેશ બુચે કાકા શ્રી સી.એ. બુચ અને પિતાશ્રી તરફથી મળેલા અંગ્રેજી અને સંસ્કૃતના વારસાને દીપાવ્યો હતો. બુલંદ અવાજ અને અંગ્રેજી શબ્દોની વૈવિધ્યતા સાથેના વકતવ્ય તથા લેખન તેમજ શુદ્ધ ઉચ્ચાર સાથે સંસ્કૃત

શ્લોકો, સ્તોત્રો, સ્તવનોનું અર્થ સાથેનું પઠન સાંભળવાનો એક લ્હાવો હતો જે હંમેશા યાદ રહેશે. કોલેજકાળ બાદ શેર માર્કેટના વ્યવસાયમાં ઝંપલાવી ચડતી પડતી જોઈ, બાદમાં તેઓ સાથે અમારા પણ સહપાઠી જીગરી મિત્ર એવા મૌલેશ બક્ષીએ સાથે મળી ટયૂશન કલાસ શરૂ કરી અસંખ્ય વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો લાભ આપી, પાયાથી શિક્ષણ આપી અનેકની જિંદગી સુધારી. તેમનો પૂરા પરિવારનો બિલાડી પ્રત્યેના પ્રેમ અનન્ય રહયો છે... કયારેક ૨ તો કયારેક તો ૮-૧૦ રંગબેરંગી બિલાડી-બચ્ચાંનો વંશવારસ ઘરમાં હંમેશ માટે હોય જ. પરિવારના સભ્યની જેમજ પૂરા દિલથી તેની સારસંભાળ તેઓજ નહી તેમનાં પત્ની, પુત્ર અને પુત્રવધૂ સહિત આજ સુધી લઈ રહયાં છે જેના અમે સાક્ષી છીએ. ધન્ય છે પરિવારના જીવદયા પ્રેમને! આમ જિંદગીમાં ઘણા ધૂપ છાંવ જોયા, પરંતુ જીવમાત્રના આશીર્વાદ અને ભગવદ્ ગીતાના અભ્યાસુ તરીકે તેના મર્મને જીવનમાં ઉતારી ખરા અર્થમાં પચાવી જાણી વિચલિત થયા વગર કર્મના બળથી સુપેરે પાર ઉતરી જાણી શીખ પણ આપી ગયા. આવા કુટુંબવત્સલ, કર્મઠ, કોલેજકાળના સહપાઠી આજ સુધીના પરમ મિત્ર 'બુચભાઇ' હંમેશા અમારી સાથે રહેશે... હૃદયાંજલી)

<u>રાજકોટ:</u>

પન્નાબેન વિજેન્દ્રરાય વૈશ્નવ,
નરેશચંદ્ર છગનલાલ વોરા-૮૩ વર્ષ
વનલીલાબેન યોગેશભાઇ અવાશીયા
સૌ. કિશોરીબેન હેમેન્દ્રભાઇ બક્ષી-૭૦ વર્ષ
જયકાંતભાઇ વિષ્ણુપ્રસાદ ઢેબર-૭૪ વર્ષ
હર્ષકાન્તભાઇ પ્રમોદરાય હાથી (રીટાયર્ડ જજ)
શશીકાન્તભાઇ મોતીલાલ કચ્છી-૮૯ વર્ષ
ભાસ્કરભાઇ છાયા (નિવૃત્ત અધ્યાપક આર.કે.સી. રાજકોટ)
ગં.સ્વ. આશાબેન (ઈન્દીરાબેન) કૌશિકરાય માંકડ-૯૪ વર્ષ
વિષ્ણુભાઇ રામપ્રસાદ માંકડ (સીવીલ હોસ્પિટલ-પરોપજીવી સેવાભાવી સજ્જન)
દીપકભાઇ ઉછરંગરાય જોષીપુરા-૭૦ વર્ષ- રાજકોટ

<u>જૂનાગઢ:</u>

ધીરેન્દ્રભાઇ દોલતરાય પંડયા-૮૩ વર્ષ-
નલિનીબેન મેઘાવીનભાઇ બુચ-૮૦ વર્ષ
જયેશ પ્રહલાદરાય આચાર્ય-૬૦ વર્ષ
સૌ. ઉર્મિ ફાલ્ગુનભાઇ જોષીપુરા-૬૨ વર્ષ
પ્રતિભાબેન અશોકભાઇ વછરાજાની
ડો. સુરેશભાઇ શિવલાલભાઇ વૈશ્નવ-૮૩ વર્ષ

દિવંગતોના પરિવારજનોને
સાંત્વના પાઠવી શકે તે ઉદ્દેશથી
આ અંકમાં છપાયેલ આ અવસાન નોંધના
નામ સાથે સંબંધિત કુટુંબીજનના મોબાઈલ નં.
ફરીથી પ્રકાશિત કરવામાં આવશે.
ઈચ્છુકોએ સદગતનું નામ/ઉંમર અને પોતાનો
મો.નં. અમને ૮૮૪૯૦૧૬૮૪૪ ઉપર
વ્હોટસએપથી મોકલી આપવા વિ. છે.-તંત્રી



જયકિશોરભાઇ રાણા–૮૭ વર્ષ,
રક્ષિતભાઇ જનસુખરાય જનસુખરાય વોરા
મનહરકાંત (મંજુભાઇ) જેલુપ્રસાદ ધોળકિયા–૮૪ વર્ષ

<u>અમદાવાદ :</u>

પ્રસન્નકુમાર વછરાજાની (જૂની પેઢીના સેવાભાવી પેથોલોજિસ્ટ)
જ્યોતિલાબેન ગજેન્દ્રરાય ખારોડ, યોગિનીબેન (સુવર્ણાબેન) પ્રદ્યુમ્નભાઇ નાણાવટી
ગીરીશભાઇ ખારોડ (રીટા. એન્જીનીયર) , ઉમાકાન્તભાઇ ભાનુશંકર શુકલ,
કાદમ્બરીબેન ઋષિકેશ વસાવડા,ઉર્જીતભાઇ મજમુદાર,વાસંતીબેન ઝવેરીલાલ પટ્ટણી–૮૦ વર્ષ, કલાવતીબેને જનકરાય વછરાજાની, સુનીલભાઇ વોરા, તરલીકાબેન દીલસુખરાય અંતાણી–૮૧ વર્ષ, ગજેન્દ્રભાઇ નટવરલાલ ખારોડ, કિરીટભાઇ દિનકરરાય વૈશ્નવ–૮૪ વર્ષ, સંદીપભાઇ જનકરાય વૈશ્નવ, ઉમાકાન્તભાઇ ભાનુશંકર શુકલ–૯૦ વર્ષ, રશ્મિનબેન હરેશભાઇ વસાવડા ૭૫ વર્ષ, પૂર્ણાબેન નરેશભાઇ દેસાઈ–૭૫ વર્ષ.

<u>વડોદરા :</u>

પદ્માવતીબેન કવિવરભાઇ દેસાઈ ૮૯ વર્ષ, દેવાંશુભાઇ ભરતભાઇ મહેતા, જયકુમારભાઇ સવાઈ લાલ રાણા–૮૪ વર્ષ, ભદ્રબેન દિલસુખરાય રાણા–૮૪ વર્ષ, ચંદ્રમાલિકાબેન બિપીનચંદ્ર ઢેબર, જમિયતરાય બાબુરાવ અંતાણી–૯૫ વર્ષ, ડો. હેમાબેન કૃષ્ણપ્રસાદ આચાર્ય–૭૦ વર્ષ

<u>ભુજ :</u> તરૂણકાંત કુંદનલાલ માંકડ–૮૪ વર્ષ, અવિનાશભાઇ દિનમણીરાય વોરા, કીર્તિભાઇ કૃષ્ણલાલ વૈદ્ય–૭૪ વર્ષ, કૌટિલ્ય અશ્વિનીકુમાર પાઠક–૬૩ વર્ષ, ભારતીબેન અભિલાષભાઇ છાયા–૫૧ વર્ષ, મધુભાઇ ભુજંગીલાલ વૈદ્ય–૮૦ વર્ષ.–
ઉર્વરીબેન વિવિત્સુભાઇ વોરા–જામનગર, જયશ્રીબેન નટુભાઇ મહેતા–મહુવા...
અરૂણાબેન કૃષ્ણકુમાર માંકડ, નીખિલભાઇ વિરેન્દ્રભાઇ ઓઝા–મુંબઈ
અશ્વિનભાઇ રામભાઇ મંકોડી – ગં. સ્વ. સાવિત્રીબેન ગજેન્દ્રરાય બુચ–મુંબઈ

<u>ભાવનગર :</u>

હેમલતાબેન હર્ષદભાઇ ઝાલા–૯૦ વર્ષ , વિભાવરીબેન કુલીનભાઇ ઓઝા,
હેમાંગિનીબેન ગીરીશ ભાઇ પાઠક – ૬૮ વર્ષ,
ગં. સ્વ. પન્નાબેન દુષ્યંતરાય મંકોડી (નિવૃત્ત એસ.બી.આઇ.) ૭૫ વર્ષ..
શ્રદ્ધા અર્પિત અંતાણી–૩૪ વર્ષ– કેલીફોર્નિયા–યુએસએ. ઉર્મિલાબેન દિનુભાઇ વસાવડા–૮૪ વર્ષ (અમેરીકા), નેહાબેન જનરાય હાથી, હેમલતાબેન હર્ષદરાય ઝાલા. મોરબી. જીતેન્દ્રભાઇ પૃથુલાલ વસાવડા, કળાબેન ધનંજયભાઇ બુચ–૬૮ વર્ષ – ગાંધીનગર. ભદ્રકાંત મુકુંદરાય આચાર્ય – વેરાવળ – સૌ. નયનાબેન જન્મેજય ઓઝા–વલ્લભવિદ્યાનગર.

# સમાચાર સંચય

રાજકોટ : અત્રે ખંઢેરી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે તા. ૨૯/૨ થી ૪/૩/૨૦ સુધી રમાયેલ રણજી ટ્રોફી સેમિફાઇનલ મેચમાં શ્રી દેવાંગ મંકોડીએ સ્કોરર તરીકે સંન્નિષ્ઠ કામગીરી બજાવી.

અત્રેના આદિત હિમાંશુ વૈદ્ય HDFC બેંક ગાંધીધામથી અમદાવાદ ખાતે મેનેજર(ફોરેન ટ્રેડ) તરીકે બઢતી સાથે બદલાયા.

અત્રેના શ્રી જસમીનભાઇ દેસાઈ લિખિત કેટલીક વાર્તાઓનું મે. રવિરાંદલ ફિલ્મ્સ પ્રા. લી. મુંબઈ દ્વારા હિન્દીમાં ભાષાંતર કરીને વીડિયો ફિલ્મ્સનું યુટયૂબ દ્વારા પ્રસારણ થતાં કંપની દ્વારા તા. ૨૮/૨/૨૦ના રોજ તેઓનું રાજકોટ ખાતે સ્મૃતિ ચિહ્ન પ્રદાન કરી જાહેર સન્માન કરવામાં આવ્યું.

કેન્દ્ર સરકારના કર્મચારીઓને સેન્ટ્રલ ગવ. હેલ્થ સ્કીમ (CGHS)હેઠળ એક જ વખત ઈન્સ્યોરન્સ પેમેન્ટ કરવાથી આજીવન મેડીકલ ટ્રીટમેન્ટની પૂરી રકમ પરત મેળવી શકાય છે તેમજ નિર્ધારીત કરેલ હોસ્પિટલ્સમાં 'કેશલેસ' સારવાર મેળવી શકાય છે. આ અંગે વધુ માહિતી માર્ગદર્શન કે સેવા સહાય માટે શ્રી કમલેશભાઇ માંકડ (નિવૃત્ત સિનિયર ઓડિટર એ.જી. ઓફીસ)નો મો. ૯૩૭૪૫૪૯૭૬૦ ઉપર સંપર્ક કરી શકો છો.

અ.ભા.ના.પરિષદ તથા અ. વ. નાગર બોર્ડિંગના ઉપક્રમે તા. ૮/૩/૨૦ના રોજ મહિલા દિનના ઉપલક્ષ્યમાં બહેનો માટે નાગર બોર્ડિંગ ખાતે લગ્નગીત સ્પર્ધાનું આયોજન થઈ ગયું. જુદા જુદા સાત ગ્રુપએ તેમાં ભાગ લઈ લગભગ દોઢ કલાક પરંપરાગત લગ્નગીતોની રમઝટ બોલાવી હતી. પારૂલબેન તથા કોમલબેનએ લગ્નસંબંધી રીતરિવાજો, લગ્નગીતોની રસપ્રદ માહિતી સાથે આગવી શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તો નિલેષ વસાવડા તથા નીધિબેન ધોળકિયાએ નિર્ણાયકો તરીકે પોતાની સેવા આપી હતી. બહેનોના હસ્તે ઈનામોનું વિતરણ થયું હતું. ધારિણીબેન છાયા, પારૂલબેન દેસાઈ તથા કોમલબેન વૈશ્નવના નેજાં હેઠળ પ્રૌઢ બંધુઓ તથા વડીલોની જહેમતથી આયોજિત આ સફળ નવતર પ્રયોગમાં ઉપસ્થિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ અલ્પાહાર લઈ છૂટા પડયા હતા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે અત્રેની જાણીતી સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા ગાંધીવાદી વિચારસરણીને વરેલા સ્વજનોનું સન્માન કરવામાં આવ્યું...જે અંતર્ગત જ્ઞાતિનાં ૯૦ વર્ષની વયના વડીલ મુ. સરોજબેન નરેન્દ્રભાઇ અંજારિયાને શાલ ઓઢાડી સુતરની આંટી, પુસ્તક, વિવેકાનંદજીની પ્રતિમા અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં.

આજે સારા માઠા પ્રસંગોમાં શાસ્ત્રોકત વિધિ કરાવનાર ભૂદેવની ખેંચ છે ત્યારે અત્રેના શ્રી કંદર્પ (રાજુ)માંકડ અને સાથીદારોએ જહેમત લઈ સ્વજનના નિધન બાદ કરવાની વિધિ- સામગ્રી

ની જ્ઞાતિગોર શ્રી ભરતભાઇ આચાર્ય દ્વારા તેઓના જ અવાજમાં આપેલી સમજ–માહિતી તથા પ્રાર્થના સભામાં સમૂહમાં ગવાતા ૧૫મા અધ્યાયના ગાનનું રેકોર્ડીંગ કરી સૌના લાભાર્થે યુટયૂબ ઉપર મૂકવામાં આવ્યું છે. જે આપેલી લીંક દ્વારા મેળવી શકાશે...નોંધી લેશો...(https://youtu.be/Mk8_woLgo Nk તેમજ https://youtu.be/ phE7e Ub49aY)

ભાવનગર : શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ મહિલા પાંખના ઉપક્રમે તા. ૨૯/૨ના રોજ શ્રી હરિનાગર નિવાસ ખાતે માધવીબેન અક્ષયભાઇ ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં જાણીતાં ગાયનોકોલોજીસ્ટ ડો. રજનીબેન પરીખ તથા ડો. કૈરવીબેન જોશીનો પરિસંવાદ યોજાય ગયો. મહિલાઓ સંબંધિત ઉપયોગી માહિતી પ્રોજેક્ટર પર આપી બહેનોને આરોગ્ય વિષયક મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ સુચવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજનમાં સંસ્થાના કન્વીનર શ્રીમતી જાગૃતિબેન દેસાઈ તથા સમગ્ર ટીમનો સહયોગ રહયો હતો.

શ્રી ઘોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે તા. ૨૧/૨/૨૦ શિવરાત્રિના રોજ બપોરે ૪ વાગ્યે ભાદેવાણી શેરી સ્થિત હાટકેશ્વર મહાદેવના મંદિરમાં શ્રી ચિતાર્થભાઇ મહેતા તથા ભારતીબેન જે. મહેતાના યજમાન પદે શ્રી વસંતભાઇ જોશીના આચાર્ય પદે લઘુરુદ્ર પૂજાનું આયોજન થઈ ગયું.

ભારત જનવિજ્ઞાન જાથા ગુજરાત રાજ્ય (ભારત સરકારની નેશનલ કાઉન્સીલ ફોર સાયન્સ એન્ડ ટેક. કોમ્યુ.ની માન્યતા પ્રાપ્ત) દ્વારા તા. ૨૫/૧/૨૦ના રોજ મોરબી જિલ્લાના ટંકારા ખાતે આર્ય સમાજ અને આર્ય વિદ્યાલયના સંયુકત ઉપક્રમે 'અંધ શ્રદ્ધા નિવારણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વિશિષ્ટ વ્યકિતઓ ને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં ભાવનગરના સાપ્તાહિક 'લોક સેવક'ના તંત્રી, ગોઘા મહાદેવ ફંડના પ્રમુખ તથા નાગર જીમખાનાના ટ્રસ્ટી શ્રી દધીચિભાઇ નિર્મળકેતુ મહેતાનું રાજ્યના એડી. ડીજીપી ડો. વિનોદકુમાર ભલ્લના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અંધ શ્રધ્ધા નિવારણમાં યોગદાન તથા સન્માન બદલ અભિનંદન.

જામનગર : 'શ્રી જામનગર વડનગરા નાગર જ્ઞાતિ' સંસ્થાની યાદી જણાવે છે કે શ્રી હાટકેશ હોલની ઉપર બીજા માળે નાનો પ્રસંગ થઈ શકે તેવા હોલનું નિર્માણ કાર્ય શરૂ કરેલ છે જે માટેના અનુદાન મળી ગયેલ છે પરંતુ સાથે સાથે રૂમોને વધુ સુવિધાપ્રદ બનાવવા,લિફટની સુવિધા માટે તેમજ અન્ય કાર્યો માટે જ્ઞાતિજનો તરફથી અનુદાન આવકારવામાં આવે છે. પ્રોજેકટ અંગેની વિશેષ માહિતી તથા અનુદાનો માટે સંસ્થાની ઓફીસ : શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર, નરસિંહ મહેતા માર્ગ, જામનગર નો સંપર્ક કરવા વિનંતી છે.(બરછી જ્ઞાતિજનોની જ્ઞાતિભાવના તથા હોદ્દેદારો–કાર્યકરોની ઈચ્છા શક્તિને બિરદાવે છે.)

<u>સગપણ સગાઈ:</u>

રાજકોટનાં સ્વ. દર્શનાબેન તથા સ્વ. રમેન્દ્રભાઇ કેસરીપ્રસાદ વૈશ્નવના પુત્ર શિવાંગનું સગપણ રાજકોટના સૌ. બીજલબેન તથા ડો. વિનયભાઇ હર્ષકાંતભાઇ મજમુદારનાં પુત્રી દ્રષ્ટિ સાથે.

## કેટલાંક સાત–સાત :

ભારતનાં શાસ્ત્રો અને સંસ્કૃતિ મુજબ નીચે આપેલાં કેટલાંક ૭–૭ પ્રચલિત છે...

(૧) સપ્તર્ષિ – આકાશના સપ્તર્ષિઓ : અત્રિ, મારિમિ, અંગીરા, વશિષ્ઠ, પુલહ, પુલસ્ય અને કેતુ.

(૨) ચિરંજીવો : અશ્વસ્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપામાર્ય, પરશુરામ.

(૩) મેઘધનુષના સાત રંગો : જાંબુડો, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, લાલ. આ સર્વેને સૂર્યરથના સાત અશ્વો પણ કહે છે.

(૪) સ્વર સંગીતના : ઋષભ, ષડજ, ગાંધાર, નિષદ, પંચમ, ધૈવત, મધ્યમ.

(૫) સમુદ્રો : ક્ષીર, લવણ, સુરા, ધૃત, ઈઘ, શુદ્રાદક અને ઇક્ષુરસ.

(૬) પર્વતો : મહેન્દ્ર, મલય, સાહ્ય, શક્તિમાન, ગંધમાન, વિંધ્ય અને પરિપાત્ર.

(૭) મોક્ષદાયી નગરીઓ : કાશી, મથુરા, અવન્તિકા(ઉજ્જૈન), પુરી, દ્વારકા, અયોધ્યા અને કાંચી.

(૮) મુખ્ય નદીઓ : ગંગા, યમુના, ગોદાવરી, નર્મદા, ગુપ્ત સરસ્વતી, સિંધુ અને કાવેરી.

(૯) રત્નો : હીરો, માણેક, મોતી, નિલમ, ગોમેદ, પોખરાજ અને પરવાળુ.

(૧૦) દ્વિપો : જમ્બુ, કુશ, લક્ષ, સાલ્વલિ, કૌંચ, શાક અને પુષ્કર.

(૧૧) પાતાળ : અતલ, તલાતલ, રસતાલ, વિતલ, સુતલ, મહાતલ અને પાતાલ.

## Spritual Family - **અધ્યાત્મિક પરિવાર**

આપણે કોઈ મહાન સંત મહાત્માનાં દર્શને અથવા તો આપણા સદ્‌ગુરૂ પાસે જઈએ તો તેઓ કુટુંબ બાબતમાં પૂછપરછ કરે અને કહે : ”How is your son or Mother”અને આપણા તરફથી એક જ જવાબ હોય કે બધાં જ કુશળ છે...આ બાબતમાં મહાત્માજી છણાવટ કરતાં આપણને Spritual Family બાબતમાં સ્પષ્ટતા કરતાં સમજાવે –

Truth is Father
Love is Mother
Wisdom is Son
Peace is Daughter and
Devotion is Brother
This is quite genuine for a Joint Family

તમે જાણો છોને કે લગ્નવાંચ્છુક યુવક યુવતી માટે barchhi.com / wedhelp પ્રોગ્રામ કાર્યરત છે જ્ઞાતિજનો હવેથી તદ્દન વિના મૂલ્યે (ફ્રી) તેનો લાભ લઈ શકે છે. વધુ માહિતી સાઇટ ઉપરથી મળી જશે.-તંત્રી

## ઉપયોગી કહેવતો :

(૧) કોણ વસ્યું ને કોણ વસે, ધરતી બેઠી હસે.

(૨) ધાનનું માર્યું નીચું જુઅ, ડાંગનું માર્યું ઉંચું જુએ.

(૩) લોભે લક્ષણ સઘળાં ધૂળ, લોભ પાપ સઘળાનું મૂળ.

(૪) જીભને વારજે નહિતર જીભ દાંત પડાવશે.

સંકલન : ડાકોરભાઇ ત્રિવેદી, રાજકોટ.

## નવ નિરાંત

નિરોગી તન આબાદ જો,
આંખ કાન ને દાંત
ઈશ્વરના આશિષ
આ એક પહેલી નિરાંત
હસમુખી પ્રિય ભાષીણી,
પત્ની સમજુ ને શાંત
સમજી જજો સાનમાં
આ બીજી પણ નિરાંત
વડિલોની સેવા તણો,
દિકરાઓનો સિદ્ધાંત
આમન્યા પાળે સદા
આ ત્રીજી પણ નિરાંત
દીકરીઓ સારે ઘરે
એના પતિ પ્રેમી નહીં ભ્રાંત
સાસુ સસરા હોય સદ્‌ગુણી
આ ચોથી પણ નિરાંત
વિદ્યા પહેલી વયે
બજિ ધન મેળવાયું ધરી ખાંત
જાણી લેવી જોઈએ
આ પાંચમી નિરાંત
મિત્રો સંબંધીઓ શ્રેષ્ઠ છે
બદલે નહીં કાળાંત
તો તો જાણજો સજ્જન જાણજો,
આ છઠ્ઠી પણ નિરાંત
ધન આવક ઠીક હોય જો
આજીવિકા ઉપરાંત
દુર્વસનો કાંઈ હોય નહીં
આ સાતમી પણ નિરાંત
રહેવા ઘર પોતા તણું,
પાડોશી હોય જો શાંત
સુખ દુઃખ ભાગી રહે
આ આઠમી પણ નિરાંત
લીલી વાડી હોય ને,
પ્રભુ ભજવા એકાંત
મણી રામે માનેલ છે
આ નવમી પણ નિરાંત

સંકલન : ડાકોરભાઇ ત્રિવેદી, રાજકોટ.
(ફોન : ૦૨૮૧-૨૪૪૧૭૩૪)

---

## જેવું લાગે...

સન્નાટાની વચ્ચે પણ મીઠા કલરવ જેવું લાગે,
સસ્તામાં સામે મળો તમે તો ઉત્સવ જેવું લાગે.
નજર મળવાનું તો રોજ થતું રહે છે પરંતુ,
પાંપણ એમની ઝૂકે તો પ્રણયના સંભવ જેવું લાગે.
ભીંત, મોભ, ફરસ, બારણુ હતું બધું સૂનકાર,
તમારા લીલા પગરવે એમાં વૈભવ જવું લાગે.
ભરતડકે બળતા ચહેરા ઉપર કરી દે છાંયો,
આ વરસાદી વાદળ મને તારા પાલવ જેવું લાગે.

– જયદીપ વિભાકર નાણાવટી,
પેન્સીલ્વાનિયા-યુએસએ.

**વાગોળવું :** – મનહરભાઇ વૈશ્નવ, રાજકોટ.

ઘરની પાસે બપોરની વેળાએ એક ગાય બેઠી બેઠી પોતાનું જડબું ખોરાક ખાતી હોય તેમ હલાવી રહી હતી. ફળીઆમાં તડકે બેઠેલા દાદાને બાજુમાં બેઠેલા પૌત્રએ પૂછયું, 'દાદા, આ ગાય પાસે ખોરાક તો કંઈ પડેલો નથી, છતાં એ જડબું કેમ હલાવીને કંઈક ચાવતી હોય તેવું દેખાય છે.'દાદાએ લાડથી કહયું, બેટા એને વાગોળવું કહેવાય. જે કંઈ સવારથી ખાધા કર્યું હોય તે હવે બપોરની વેળાએ વિશ્રાંતી સમયે ખાધેલો ખોરાક પેટમાંથી કાઢી, ફરીથી ચાવીને આરોગતી હોય છે.'નાના પૌત્રને આશ્ચર્ય થયું. આ તો કેવી પ્રક્રિયા...પહેલા આડેધડ ખાવું, પછી ફરી કાઢવું અને ફરી ચાવીને ઉતારવું.

બસ આવી જ કંઈક વાગોળવાની પ્રક્રિયા આપણા સંસ્કૃતિપ્રેમી વિદ્વાનો, સંત મહાત્માઓ, વ્યાખ્યાનકારો, રાજકારણીઓ કરી રહયા હોય તેમ લાગે છે. અરે, ઘરના વડીલો પણ કંઈક અંશે આવી પ્રક્રિયા કરતા હોય છે. નવી પેઢી પણ આ રોગથી વંચિત નથી. મનોરંજન કાર્યક્રમ હોય, વૈજ્ઞાનિક ચર્ચાઓ માટેની સભા હોય તેમાં એકાદ ભગવાધારી દ્વારા વાગોળવાની આ પ્રક્રિયા ન થાય ત્યાં સુધી તે કોન્ફરન્સ, સભા કે કાર્યક્રમ અધુરા ગણાય.

'ગાંધીજી શું કહી ગયા'..'આજ સરદાર પટેલ હોત તો.' હવે આજે એના અસ્તિત્વની વાત અને તેના સંદેશ અને સિધ્ધાંતોની વાતો પુનઃ પુનઃ કરવાથી શું પ્રાપ્ત થશે? એ તો વાગોળવાની જ પ્રક્રિયા થઈને? રામાયણ, મહાભારત, શિવપૂરાણ,દેવી પૂરાણોની કથા તો સતત ચાલતી રહેતી હોય જેમાં આ જ વાગોળવાની પ્રક્રિયા દેખાય છે. સંસ્કૃતિપ્રેમીઓ, રાજકારણીઓ  ઈતિહાસને વાગોળવામાંથી ઉંચા નથી આવતા...મહારાણા પ્રતાપ, શિવાજી મહારાજ, રાણી લક્ષ્મીબાઈની વાતો કરી અત્યારનો યુવાન કેટલો નબળો છે તેવું જ પૂરવાર કરવાનું હોય તો આ વાગોળવાની પ્રક્રિયા બંધ કરવી જોઈએ. હવે આ બધો ખાધેલો ખોરાક પુનઃ મોઢામાં લાવી, ચાવીને ઉતારી જવામાં કોને ફાયદો?

આમ જુઓ તો દરેક યુગ, દરેક સમય, પરિસ્થિતિ અનુસાર જીવાતો હતો. પહેલાની કહેણી હતી(કહેવાતું) કે મારે તેની તલવાર. જે આજની પરિસ્થિતિમાં મ્યાનમાં હોય તેની તલવાર થઈ ગઈ છે. જૂનો ખોરાક વાગોળવાને બદલે નવો ખોરાક આરોગવો એ અત્યારના યુગ માટે જરૂરી છે...જૂના ગીતો સાંભળવા ગમે તેનાથી નવા ગીતો, રચના કે વાંચનની અવગણના ન કરાય. અન્યથા પ્રગતિનું ચકકર આગળ વધવાને બદલે, હવાના જોરે ફરતી ફુદરડી બની જશે.

આજની પેઢીને આ બધી –બધાની પ્રેરક બાબતોથી વાકેફ કરવા તે ખોટું નથી પરંતુ તેમની સરખામણી કરી યુવાધનને બિનકાર્યક્ષમ, અણઆવડતવાળું અને નબળું બતાવવું એ તો આ ભુતકાળમાં થઈ ગયેલા મહાનુભાવોનું પણ અપમાન છે. શું આ મહાનુભાવોનો ઉદ્દેશ એવો હતો કે હવે પછી કોઈ તેના સમાન થશે નહીં, થઈ શકશે નહીં? અરે, તેઓ તો એક મિશાલ મૂકતા ગયા છે કે જેમ બાપના ખભ્ભે બેસી પુત્ર–પુત્રી, તેનાથી પણ ઉંચી નજરે વિશ્વનું દૂર સુધી દર્શન કરીને, તેઓના જીવનનો અર્ક ગ્રહણ કરી તેનાથી પણ સવાયા પૂરવાર થાય. માટે આ બધી વાતો વાગોળવાની નહીં પરંતુ વલોવવાની છે જેમાંથી માખણ નીકળે, તેને અગ્નિમાં તપાવવાથી ધૃત બને અને તેનો દિવ્યપ્રકાશ રાહબર બને.

આપના ઘર કે ઓફીસને કલરકામ
કરાવી આકર્ષક રૂપરંગથી સજાવવા..
નવા તથા જૂના ઘરને...

- ❖ કલરકામ
- ❖ રીનોવેશન
- ❖ વોટરપ્રુફીંગ
- ❖ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા અમારો સંપર્ક કરશો..

- ❖ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

જયેશ વસાવડા – અમેરીકન કલર
મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭

**ABM TRAVELS**
**CUSTOMISED HOLIDAY TOURS**
**DOMESTIC :**
Andaman/ Goa/ East India/ Himachal/ Kashmir/ Kerala/ Ladakh/ Lakshadweep/ Rajasthan/
North India/ North East India/ South India/ Uttarakhand/
Beach Resorts/ Hill Resorts/ Jungle Safari/ Religious Places.
**INTERNATIONAL:**
Bali/ Dubai/ Hong Kong/ Mauritius/ Maldives/ Nepal/ Singapore/ Sri Lanka/ Thailand and Any European - Western / Eastern- Countries.
**CRUISES:**
Angriya/ Costa / Jalesh/ MSC/ Star / Royal Caribbean.
**BOOKING OF INTERNATIONAL GROUP TOURS:**
NEEM HOLIDAYS/ SOTC/ THOMAS COOK/ STAR HOLIDAYS.
**AVINASH MEHTA**
**Mobile: 9820817318**
**Email: abmtravels@gmail.com**

જય હાટકેશ જ્યોતિષ કાર્યાલય
જ્યોતિષ, જન્માક્ષર, ફલકથન, નવચંડી
હવન, લઘુરુદ્ર, ગ્રહશાંતિ, લગ્ન,
વાસ્તુશાસ્ત્ર નિષ્ણાત તથા
અર્જન્ટ કોમ્પ્યુટરાઇઝ્ડ જન્માક્ષર
બનાવી આપનાર..
શાસ્ત્રીશ્રી ચન્દ્રવદન એન. રાવલ
કર્મભૂષણ, જ્યોતિષ વિશારદ
સંપર્ક :
એફ–૧૫, સ્વયંભૂ એપાર્ટમેન્ટ,
આઝાદ સોસાયટી, અમદાવાદ.
ફોન : ૦૭૯– ૨૬૩૦૩૦૧૨
મો. ૯૮૨૪૬૯૩૭૬૦
e mail : chandravadanraval@gmail.com
(ભાગવતકથા પારાયણ કરી આપીશું)

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઇ ચંદ્રશંકર શુકલ - જયદત્ત શુક્લ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. મો. ૯૮૨૪૩૧૧૬૦૯



Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩